ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના પ્રત્યેક ગામડે સરેરાશ ૮ જેટલી શાળા કોલેજો

## કોલેજ શિક્ષણમાં 'ઘાટ ઘાટના પાણીની' કહેવતનો સામાજિક સંદર્ભ

ગુજરાત કે ગાંધીનગરને ધ્યાનમાં રાખીને આપણે એક સવાલ કરીએ કે સૌથી વધારે શાળાઓ ગામડામાં હોય કે શહેરમાં ? - તો મોટાભાગે જવાબ એવો મળે કે શહેરમાં. પ્રત્યુત્તરમાં 'શહેર'ની બહુમતી ભલે હોય પણ આ જવાબ સાચો નથી. ગુજરાતના આંકડાઓ તરફ નજર કરીએ તો સ્પષ્ટ થાય છે કે શહેરી ગુજરાતની સરખામણીએ ગ્રામીણ ગુજરાતમાં નિશાળોની સંખ્યા વધારે પ્રમાણમાં છે. ગાંધીનગરની વાત કરીએ તો ગ્રામ્ય વિસ્તારમાં જ શાળાઓની સંખ્યા વધુ છે, નગર વિસ્તારમાં ઓછી છે.

**શાળા કોલેજો આંકડામાં**

| | ગુજરાત | ટકા | ગાંધીનગર | ટકા |
|---|---|---|---|---|
| કુલ | ૯૩,૦૮૭ | ૧૦૦ ટકા | ૨૦૩૨ | ૧૦૦ ટકા |
| ગ્રામીણ | ૭૨,૫૭૪ | ૭૮ ટકા | ૧૩૨૫ | ૬૫ ટકા |
| શહેરી | ૨૦,૫૧૩ | ૨૨ ટકા | ૭૦૭ | ૩૫ ટકા |

ગુજરાતમાં શાળા કોલેજોની આંકડાકીય માહિતી આપણે કોષ્ટકમાં જોઈ શકીએ છીએ. ગુજરાતના આંકડામાં એવુ ચિત્ર ઉપસે છે કે ગુજરાતના પ્રત્યેક ગામડામાં એકંદરે ચાર જેટલી શાળા કોલેજો આવેલી છે. સેન્સસમાં શાળા-કોલેજોની ગણતરી સાથે થતી હોય છે. એટલે જો આપણે મોટાભાગે શાળાની સામે કોલેજોની ગણતરી કરવી




હોય તો લગભગ ઓછામાં ઓછી એક કોલેજ ગ્રામીણ વિસ્તારમાં તાલુકા કક્ષાએ છે એમ કહી શકાય. વર્ષ ૨૦૦૧થી ગુજરાતના શિક્ષણ વિભાગે એક પણ તાલુકો ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તેવા પ્રયાસો કર્યા છે. જેને કારણે દરીયાકાંઠે આવેલા દેવભૂમિ દ્વારકા હોય કે આદિવાસી વિસ્તારના તદ્દન અંતરિયાળ તાલુકા મથક સુરત જિલ્લાનો ઉમરપાડા તાલુકો હોય ત્યાં પણ સરકારી કોલેજ શરૂ કરવામાં આવી છે. તેમ છતાં શાળાની સરખામણીએ કોલેજોની સંખ્યા ઓછી જ હોવાની એ સ્વાભાવિક છે. આ તો થઈ ગુજરાતના ગામડાઓમાં શૈક્ષણિક સંસ્થાઓની વાત પણ જો આપણે શહેરી ગુજરાતમાં એની સ્થિતિ ચકાસીએ તો ગુજરાતના શહેરી વિસ્તારોમાં શાળા કોલેજોની ૨૦,૫૧૩ જેટલી નોંધાઈ છે. આપણે વસ્તી ગણતરીમાં સમાવિષ્ટ સંવૈધાનિક નગરોની સંખ્યા જોઈએ તો આવા નગરો ૧૯૫ છે. આ નગરોની સરખામણીએ જોઈએ તો આવા પ્રત્યેક નગરે ૧૦૫ જેટલી શાળા-કોલેજે આવેલી છે. નગર અને શહેરની વસ્તી વિષયક સ્થિતિમાં જો પ્રતિ ચો.કિ.મી. વસ્તી ગીચતા આપણે જોઈએ તો ગામડા કરતાં શહેરમાં વસ્તી ગીચતા વધુ હોય છે. આ કારણે ગામ કરતાં શહેરમાં વસ્તી વધુ હોય છે અને પરિણામે શાળાઓનું પ્રમાણ વધુ હોય છે.

જ્યારે ગામ અને નગરની સરખામણી કરીએ તો એક બાબત એવી પણ છે કે જે જે શહેરી વિસ્તારો છે એ શહેરી વિસ્તારોના બાળકો શાળા શિક્ષણ મેળવવા માટે ગ્રામીણ વિસ્તારમાં જાય છે પરંતુ જો ત્યાં કોલેજ હોય તો શહેરના વિદ્યાર્થીઓ કોલેજ શિક્ષણ માટે ગામડામાં જતા નથી. ગુજરાતના કોલેજ શિક્ષણના વિદ્યાર્થીઓનું

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વિક્રમી ગરમી

**લઘુત્તમ તાપમાન પણ ૩૦.૫ ડિગ્રી : માનવીથી માંડીને પશુ-પંખીઓ ત્રાહિમામ્ : રવિવારે પાટનગરના રાજમાર્ગો સુમસામ બન્યાં**

ગાંધીનગર, તા. ૨૭

પાટનગર ફરી એકવાર અગનભઠ્ઠીમાં શેકાયું છે અને સતત બીજા દિવસે ગરમીનો પારો વધીને ૪૫ ડિગ્રી સુધી પહોંચી જવા પામ્યો છે. જો કે રજાનો દિવસ હોવાથી મોટા ભાગના શહેરીજનોએ આકાશમાંથી વરસતી કાળઝાળ ગરમીથી બચવા પોતાના ઘરોમાં જ પુરાઈ રહેવાનું મુનાસિબ માન્યું હતુ જેને કારણે આજે સમગ્ર શહેરમાં ચહલપહલ નહિવત જોવા મળી હતી.

શનિવારે ગરમીનો પારો જે એકાએક દોઢ ડિગ્રી વધીને ૪૪ ડિગ્રી સુધી પહોંચ્યો હતો તેમાં આજે વધુ એક ડિગ્રી વધી જતા આંક ૪૫ ડિગ્રી સુધી પહોંચી જવા પામ્યો છે. આજ રીતે લઘુત્તમ તાપમાન પણ ૩૦.૫ ડિગ્રી જેટલું ઉંચુ રહેવા પામ્યું હતું અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે સવારે ૫૫ ટકા નોંધાયુ હતુ તે પણ સાંજે ઘટીને માત્ર ૧૮ ટકા જ રહેવા પામ્યું હતું શુષ્ક વાતાવરણમાં શહેરનું જનજીવન પણ અત્યંત શુષ્ક રહેવા પામ્યું




હતું અને પાટનગરના રાજમાર્ગો ખાસ કરીને બપોરના સમયે તદ્દન સુમસામ બની જવા પામ્યા હતા.

રાજ્યભરમાં ઉનાળો ચરમસીમાએ પહોંચ્યો છે અને ગરમીનો સતત વધતો આંક માનવીથી માંડીને પશુ-પંખીઓ તમામ માટે અકળાવનારો સાબિત થઈ રહ્યો છે. દિવસભર ગરમીથી ત્રસ્ત નાગરિકો સાંજ પડતા જ ઠંડી હવા પામવા ખુલ્લામાં બહાર નિકળી પડે છે અને શહેરના ઠંડા પીણા-આઈસ્ક્રીમ પાર્લરો કે બરફ ગોળા-શેરડીના રસના કોલા પર ભીડ જમાવે છે. શહેરના સ્વર્ણિમ પાર્ક પર મોડી રાત્રિ સુધી પવનનો આનંદ માણતા નગરજનો સપરિવાર જોવા મળે છે. જ્યારે બીજી તરફ દિવસ દરમ્યાન વરસતા આકાશી અગનગોળાને કારણે ખુલ્લામાં કે ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓ અથવા છાપરાવાળા ઘરમાં રહેતા નાગરિકો ત્રાહિમામ પોકારી રહ્યા છે.

## અરવલ્લીના ગ્રામીણ વિસ્તારોમાં ઝાપટા

ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આજે હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થયો હતો. અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વરસાદ થયા બાદ તાપમાનમાં એકાએક ઘટાડો થયો હતો. જો કે તેની અસર અન્યત્ર જગ્યા પર થઈ ન હતી. કમોસમી વરસાદી ઝાપટા પડ્યા બાદ આસપાસના વિસ્તારો ઉત્સુકતા જોવા મળી હતી. ઉનાના ગીર પંથકમાં પણ વરસાદી છાંટા પડ્યા છે.

## આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક મળશે. આ બેઠકમાં મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત મનપાને પ્રાપ્ત થયેલી ગ્રાન્ટમાંથી વિકાસના કામો હાથ ધરવા સહિતના મહત્વના નિર્ણયો લેવામાં આવશે. આ બેઠકમાં આમ તો પાંચ જેટલા અન્ય વિષયો પણ સમાવાવમાં આવ્યા છે. જેમાં લેન્ડફિલ્ડ સાઈટને ફેન્સીંગ કરવા ઉપરાંત ત્યાં પેવરના કામ સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

# આજે ધો. ૧૦નું પરિણામ

**જિલ્લાના ૩૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ ગણિતનું અઘરૂ પ્રશ્નપત્ર પરિણામ બગાડશે કે ગ્રેસીંગ મળશે ને લઈ તર્ક વિતર્ક : વાલીઓને સારા પરિણામની આશા**

ગાંધીનગર, તા. ૨૭

આજે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થશે. જિલ્લાના ૩૧ હજારથી વધુ પરીક્ષાર્થીઓનું પરિણામ આજે જાહેર થવાનુ હોવાથી વાલી જગત તેમજ વિદ્યાર્થીઓ ઉપરાંત શૈક્ષણિક જગતમાં પણ ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ વખતે માર્ચ-૨૦૧૮માં લેવાયેલ પરીક્ષામાં ગણિતનું પ્રશ્નપત્ર થોડુક અઘરૂ નીકળ્યુ હોવાથી પરિણામની આગલી રાત્રે ગ્રેસીંગ મળશે કે કેમ તેને લઈ ચર્ચાઓ વધુ સાંભળવા મળી હતી.

બોર્ડ દ્વારા લેવાયેલ આ પરીક્ષાનુ પરિણામ સવારે વેબસાઈટ પર મુકી દેવામાં આવશે તેમજ સવારે ૧૧ થી ૨ દરમ્યાન માર્કશીટ્સ પણ શાળાઓમાંથી વિતરણ કરી દેવામાં આવનાર છે.

પરિણામને લઈ બોર્ડ અને શાળાઓ દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. વાલીઓ-શાળા સંચાલકો આ વખતે જિલ્લાનું પરિણામ સારૂ આવશે તેવી આશા રાખી રહ્યા છે.

જિલ્લામાં આ પરીક્ષા દરમ્યાન ચોરીનો એક પણ કિસ્સો નોંધાયો નથી એ સૌથી સારી નિશાની છે. જિલ્લાની ૨૦૦થી વધુ શાળાના ૩૧ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી હતી. પરીક્ષાના પ્રશ્નપત્રો પ્રમાણમાં સરળ નીકળ્યા હતા તેથી વાલીઓને સારા પરિણામની આશા છે.

સવારે ૮.૦૦ વાગે બોર્ડની વેબસાઈટ ડબલ્યુડબલ્યુડબલ્યુ. જીએસઈબી.ઓઆરજી પરથી પરિણામ જોઈ શકશે. વિદ્યાર્થીઓને તેમની સ્કૂલમાંથી ૧૧.૦૦થી ૨.૦૦ દરમ્યાન માર્કશીટ મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી ચુકી છે.

# જન્મ-મરણની નોંધણીમાં છેલ્લા ત્રણ વર્ષમાં પંચાયતોની નબળી કામગીરી

**આરોગ્ય કમિશનરની સમીક્ષામાં ચોંકાવનારી હકિકતો બહાર આવી : ત્રણ વર્ષના વાર્ષિક અહેવાલોની કામગીરી પણ અટવાઈ પડી**

ગાંધીનગર, તા.૨૭

જન્મ-મરણની નોંધણી 'ઈ-ઓળખ' સોફ્ટવેરમાં કરવાની કામગીરીમાં વર્ષ ૧૨૦૧૫ થી ૧૭ સુધીમાં પંચાયત કક્ષાએ દાખવવામાં આવી રહેલી ઉદાસીનતાને લઈ રાજ્યના આરોગ્ય કમિશનર જયંતિ રવિએ નારાજગી વ્યક્ત કરી છે.

'ઈ-ઓળખ' સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રીની કામગીરી હાથ ધરવામાં આવી છે અને આ માટે એન્ટ્રી દીઠ ચુકવણી પણ કરવામાં આવે છે. આમ છતાં રાજ્યના ઘણા બધા જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૭ પંચાયત કક્ષાએ જ ઘણી બધી કામગીરી પડતર બોલે છે.

તાજેતરમાં તેમણે કરેલી સમીક્ષા દરમિયાન આ હરિકતો ધ્યાને આવી છે. જન્મ-મરણ નોંધણી કાયદો ૧૯૬૯ અંતર્ગત આ નોંધણી નિયમિત રીતે કરવામાં આવે તે જરૂરી છે. સમિક્ષા દરમિયાન આ વિગતોનું વરવું સ્વરૂપ બહાર આવતાં તેઓ ચોંકી ઉઠ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આને કારણે જે વાર્ષિક અહેવાલો ભારત સરકારને મોકલવાના હોય છે તેમાં પણ વિલંબ થઈ રહ્યો છે. આ રિપોર્ટ્સનું ભારત સરકારમાં પણ મોનીટરીંગ અને સમીક્ષા થતી હોય છે ત્યારે આરોગ્ય કમિશનરશ્રીએ આ બાબતની ચિંતા વ્યક્ત કરી અને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવા જિલ્લાના તમામ અધિકારીઓને પત્ર પાઠવી

● અનુસંધાન પાન-૭ પર

રે પંખીડા સુખથી ચણજો... - કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓને ગરમીથી રક્ષણ આપવા પક્ષી પ્રેમીઓનો અનોખો અભિગમ... ચણવા આવતા પક્ષીઓને ગરમી ઓછી લાગે તે માટે હંગામી છત ઉભી કરવાનો પ્રસંશનીય પ્રયાસ કરાયો છે... નિયમિત ચણવા આવતા પક્ષીઓને ખલેલ ના પહોંચે તેની પણ ખાસ કાળજી રખાઈ છે... જાહેર માર્ગ પર પક્ષી પ્રેમીઓના પ્રયાસને સૌ કોઈ રાહદારીઓ બિરદાવી રહ્યા છે... પ્રેરણા દાયક પ્રયાસમાં પક્ષીઓને પાણી પીવા માટે ચકલુડીયા પણ મુકાયા છે... જેથી પંખીડા સુખેથી ચણ ચણી શકે....



# જિલ્લાનો વિકાસ નકશો તૈયાર કરવા તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાનો વિકાસ નકશો નવેસરથી તૈયાર કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

તાજેતરમાં જિલ્લા આયોજન સમિતિની મળેલ બેઠકમાં આ વિકાસ નકશો તૈયાર કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આયોજન સમિતિના નિર્ણય પછી તંત્ર હરકતમાં આવ્યુ છે અને દરેક વિભાગોને તેમના વિકાસની છેલ્લી સ્થિતિ તેમજ ખુટતી કડીઓ સાથેનું પાવર પોઈંટ પ્રેઝન્ટેશન અને વિગતો સાથે રિપોર્ટ મોકલી આપવા જણાવાયુ છે.

૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. વિભાગો દ્વારા ૧૫ દિવસમાં વિગતો ઉપલબ્ધ થયા બાદ વિકાસ નકશો તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. એક અંદાજ મુજબ ૩૦ જુન સુધીમાં આ નકશો તૈયાર કરી દેવાશે.

આ વિકાસ નકશો તૈયાર થયા બાદ ચૂંટાયેલા પદાધિકારીઓનો જિલ્લાકક્ષાનો બે દિવસીય વર્કશોપ યોજવામાં આવશે અને તેમાં વિકાસ નકશા પર ચર્ચાઓ કરાશે એટલુ જ નહિ જે ખુટતી કડીઓ છે તેને જોડવાની દિશા માટેનો આખો રોડમેપ તૈયાર કરી દેવાશે. જિલ્લામાં છેલ્લા દસકાથી ચૂંટાતી આયોજન સમિતિ પહેલીવાર તેની બેઠક મળી અને હવે જિલ્લાના વિકાસ નકશાને તૈયાર કરવામાં આવી રહ્યો હોવાથી જિલ્લામાં વિકાસને સંતુલીત કરવામાં આવશે એટલુ જ નહિ જે કડીઓ ખરેખર ખુટે છે તેમાં નક્કર કાર્યવાહી થશે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. જિલ્લામાં માનવ વિકાસ સૂચકાંક તૈયાર કરાયા પછી વિકાસ નકશો તૈયાર કરવાનું મહત્વનું કદમ ઉઠાવવામાં આવી રહ્યુ છે.

# આણંદ પાસે ગોઝારા અકસ્માતમાં છના મોત

અમદાવાદ, તા.૨૭

આણંદ જિલ્લામાં અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે પર આડસ ગામ પાસે એક ડમ્પર અને કાર વચ્ચે સર્જાયેલા જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાતાં છ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા. ડમ્પર અને કાર વચ્ચેના અકસ્માતને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો અને ટ્રાફિક ચક્કાજામ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં હાઈવે પોલીસ પણ દોડી આવી હતી અને સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જો કે, ડમ્પર અને કાર વચ્ચેના અકસ્માતમાં એકસાથે છ લોકોના મોતના સમાચાર જાણી સૌકોઈમાં અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી, બીજીબાજુ, સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આણંદ જિલ્લાના વિસ્તારમાં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર અડાસ ગામ નજીક આજે એક ડમ્પરચાલક આણંદથી રોંગ સાઈડમાં હાઈવે પર આવી રહ્યો હતો ત્યારે સામેથી પૂરપાટઝડપે આવી રહેલી કાર સાથે તેનો જબરદસ્ત અકસ્માત સર્જાયો હતો. ડમ્પરની જોરદાર ટક્કરને પગલે કારનો ખતરનાક રીતે ભુક્કો બોલી ગયો હતો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



વડનગરા નાગર ઉઠમણું (પ્રાર્થનાસભા)
અમારા પૂજ્ય પિતાશ્રી **યોગેન્દ્ર વ. માંકડ**નું તા.૨૬-૫-૧૮ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું ઉઠમણું (પ્રાર્થનાસભા) તા.૨૮-૫-૧૮ને સોમવારના રોજ સાંજે ૫:૩૦ થી ૬:૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : શ્રી દિગંમ્બર જૈન સમાજ ભવન, મહાવીર કો.ઓ.હા.સો., એમ.એલ.એ. ક્વાટર્સની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર
કનકબેન યોગેન્દ્ર માંકડ
રશેષ યોગેન્દ્ર માંકડ (એડવોકેટ) પ્રજ્ઞા સુધીર મંકોડી
મો.98250 37780
સમસ્ત માંકડ પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com